દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

બુધવાર ૧ જુલાઈ, ૨૦૨૬

# આ વર્ષે ચોમાસાની ગતિ વિચિત્ર રહી શકે: તમામ તૈયારીઓ રાખવી પડશે

આ વર્ષે પેસેફિક મહાસાગરમાં અલ-નીનોની સ્થિતિ છે અને તેને કારણે ભારતમાં ચોમાસું નબળું રહેશે એવી હવામાન ખાતાએ આગાહી કરી જ હતી. આગાહી મુજબ જ ચોમાસું શરૂઆતમાં તો નબળું જ દેખાઇ રહ્યું છે. કેરળમાં નૈઋત્યનું ચોમાસું મોડું બેઠું, પછી થોડું આગળ વધીને અટકી ગયું, પછી ધીમે ધીમે આગળ વધ્યું, ચોમાસું ધીમે ધીમે દેશનાં ૨૦થી વધુ રાજ્યોમાં બેઠું તો ખરું પરંતુ વરસાદનું પ્રમાણ તો ઓછું જ રહ્યું છે. બીજી બાજુ, ઇશાન ભારતનાં કેટલાંક રાજ્યોમાં, ખાસ કરીને આસામ અને અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદે તરખાટ મચાવવા માંડ્યો છે. અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદને કારણે ઓછામાં ઓછા ૧૨ જિલ્લાઓમાં સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. જ્યારે આસામમાં પણ પૂરના કારણે ભારે નુકસાન થયું છે. અરુણાચલ પ્રદેશ અને આસામમાં સતત વરસાદને કારણે પૂર અને ભૂપ્રપાતના બનાવો સર્જાયા છે. અરુણાચલના 12 જિલ્લાઓમાં પૂર અને ભૂસ્ખલનને લીધે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મોટું નુકસાન પહોંચ્યું છે. લેકુ નદીમાં આવેલા પૂરને કારણે આસામના જોનાઇ વિસ્તારમાં પાણી ભરાઈ ગયાં છે અને નેશનલ હાઈ વે-515 પણ પાણીમાં ગરકાવ થઈ ગયો છે. ભારે વરસાદ પછી ઘોડાપૂરને લીધે કેટલાંય સ્થળોએ રસ્તાઓ અને પુલ ધોવાઈ ગયા છે. આસામમાં પૂરની સ્થિતિ વધુ વકરી છે જ્યાં 96 ગામો પૂરનાં પાણીમાં ડૂબી ગયાં છે. છ જિલ્લાનાં 22 હજારથી વધુ લોકો બેઘર બન્યાં છે. કુલ ૪૫૦૦૦થી વધુ લોકો અસરગ્રસ્ત બન્યાં છે. સૌથી વધુ અસર ધેમાજી જિલ્લામાં થઈ છે, જ્યાં આશરે ૪૧૦૦૦ લોકો પ્રભાવિત થયાં છે. અત્યાર સુધીમાં 1690 હેક્ટર પાક નાશ પામ્યો છે. એક વ્યક્તિ લાપતા છે. આમ પણ આસામમાં દર વર્ષે ચોમાસામાં પૂર હાહાકાર મચાવે જ છે અને આ વર્ષ પણ તેમાં અપવાદરૂપ નિવડ્યું નથી.

ઉત્તર ભારતનાં રાજ્યો સખત ગરમી હેઠળ શેકાઇ રહ્યાં છે અને ચોમાસાની રાહ જોઇ રહ્યા છે. જો કે દિલ્હી અને આજુબાજુના વિસ્તારોમાં સોમવારે સાંજે ગાજવીજ સાથે વરસાદ થતાં ગરમીમાંથી રાહત મળી હતી, જ્યારે હિમાચલ પ્રદેશના લાહૌલ અને સ્પીતિ જિલ્લામાં બરફ પીગળવાથી ઘોડાપૂર આવ્યા બાદ મનાલી-લેહ હાઇ વે બંધ થઈ ગયો હતો અને આશરે એક ડઝન જેટલાં ગામો જિલ્લા મથકથી સંપર્કવિહોણાં થઈ ગયાં હતાં, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. જિસ્પામાં આવેલા પૂરને કારણે મનાલી-લેહ હાઇ વે બંધ કરી દેવામાં આવ્યો હતો, જ્યારે ઝાલ્મા નાળામાં આવેલાં પૂર બાદ કેટલાંક ગામો સુધી પહોંચવું અશક્ય બન્યું હતું. કેટલી હદે બરફ પીગળ્યો હશે તે આના પરથી સમજી શકાય છે. સખત ગરમીના કારણે હિમાલયના પર્વતો પરનો બરફ પીગળી રહ્યો છે. ગ્લોબલ વોર્મિંગને કારણે આ બરફ પીગળી રહ્યો હોવાની ચેતવણી વૈજ્ઞાનિકો આપતા જ હતા અને હવે તેમાં આ વર્ષે મોડા ચોમાસાને કારણે ગરમીનો સમયગાળો લંબાયો છે અને તેણે સ્વાભાવિક રીતે જ બરફ પીગળવાની સમસ્યા વકરાવી છે. સ્થાનિક લોકોએ જણાવ્યું કે, પર્વતોની ચોટીઓ પર બરફ પીગળવાને કારણે ઝાલ્મા નાળામાં પાણીનું સ્તર વધી ગયું છે. પૂરના આ વીડિયો ઇન્ટરનેટ પર મોટા પ્રમાણમાં વાયરલ થઈ રહ્યા છે. ચોમાસું 24 જૂન સુધીમાં 22 રાજ્યોને આવરી ચૂક્યું છે. ત્યાર બાદ તેની ગતિ ધીમી પડી ગઈ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, 5 જુલાઈ સુધીમાં તે બાકીનાં રાજ્યોમાં પણ પહોંચી શકે છે. ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, હરિયાણા અને દિલ્હી એમ 4 રાજ્યોના ઘણા વિસ્તારોમાં પ્રિ-મોન્સૂન વરસાદ પડ્યો છે પણ ચોમાસાએ હજી ત્યાં દસ્તક દીધી નથી. ચોમાસાએ મધ્ય ભારતના જે ભાગોને આવરી લીધા છે ત્યાં પણ કેટલાક વિસ્તારમાં ભારે વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ અને વરસાદને કારણે કેટલાંક મૃત્યુના અહેવાલો રાબેતા મુજબ ચોમાસામાં આવતા હોય તે રીતે આવ્યા છે. આપણા ગુજરાતની વાત કરીએ તો હજી સુધી તો વરસાદ ખૂબ ઓછો થયો છે અને ખાસ કરીને ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાં પાણીની તંગીના ડાકલા થોડા સમયમાં વાગવાના શરૂ થઇ જાય તેવો ભય છે.

આમ તો છેલ્લાં કેટલાંક વર્ષથી ચોમાસાની ગતિ અનિયમિત તો થઇ જ ગઇ છે પરંતુ આ વખતે અલ-નીનોની સ્થિતિએ હાલત વધુ બગાડી છે. આમ તો અલ-નીનો જેવાં પ્રાકૃતિક પરિબળો વરસાદને સદીઓથી અસર કરતાં આવ્યાં છે પરંતુ હવે પ્રદૂષણ જેવાં માનવસર્જીત પરિબળોને કારણે સર્જાયેલી હવામાન પરિવર્તનની પરિસ્થિતિને કારણે વધુ અસર થાય છે. યુરોપમાં પણ હાલના સખત ગરમીનાં મોજામાં નિષ્ણાતોનો આ જ અભિપ્રાય છે. ત્યાં કુદરતી પરિબળોને કારણે સખત ગરમી છે પરંતુ ગ્લોબલ વોર્મિંગનું પરિબળ તેને વધુ વકરાવી રહ્યું છે. આપણે ત્યાં પણ આવું જ છે. હવે આ વર્ષે ચોમાસાની ગતિ છેલ્લે સુધી વિચિત્ર જ રહેશે એમ લાગે છે અને તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ અત્યારથી જ તૈયારીઓ રાખવી પડશે. દુકાળ અને પૂર જેવી સ્થિતિઓનું વધુ જોખમ ધરાવતા વિસ્તારો માટે વિશેષ તૈયારીઓ રાખવી પડશે.

# રોટલો જ જેમનો ઈશ્વર છે તેમની પાસે કલ્યાણની વાત શી રીતે લઈ જવી?

## અવારનવાર

ડૉ.નાનક ભટ્ટ

**ગુજરાત રાજ્યમાં વંચિત બાળકો માટે દરિદ્રનારાયણ નામે ખાસ યોજના હોવા છતાં આજે રાજ્યમાં અભ્યાસ કરવા યોગ્ય બાળકોમાંથી ૬.૪ લાખ બાળકો પ્રાથમિક કક્ષાએ જ શાળા છોડી દે છે**

ખંભાતના અખાતના પૂર્વ ભાગે ખાડીના કાંઠાનો ભાગ ભાલ પંથક તરીકે જાણીતો છે. ભરૂચ જિલ્લાના ખારાપટમાં આવેલ ગામ ગાંધાર એક જમાનામાં ધીકતું બંદર હતું પણ પછી કાળક્રમે વિશાળ ખારી જમીન, થોડા માછીમારો, અગરિયાઓ અને તેમને ભરડો લઈ બેઠેલી ગરીબી સિવાય કાંઈ બચ્યું ન હતું. કપરા કાળમાં કુદરતે સહાય કરી. ગાંધારના પેટાળમાંથી તેલના ભંડાર ઉલેચાયા. આજે અને હવેનાં દશ વર્ષ દરમ્યાન ક્રમશઃ ગાંધાર તેલક્ષેત્રથી વર્ષે ૨૫૦૦ કરોડનું પ્રાકૃતિક તેલ અને ગૅસ ઉત્પન્ન થશે.

પરંતુ આ વિકાસનો લાભ ગાંધાર, ચાંચવેલ અને પહાજનાં ગામડાંઓમાં શોધ્યો જડતો નથી. રાઠોડિયા જાતિનાં આદિવાસી ગ્રામનિવાસીઓનાં ઝૂંપડાંમાં આજે તેલકૂવાઓના ભડકાઓના અજવાળે માટીનાં હાંડલાંમાં માંડ બે કોળિયા રંધાય છે. ઉપર આભ અને નીચે ધરતીના સહારે જીવતાં રાઠોડિયાંઓ, સવારે ઘર-બાર છોડી ચાર-છ કિલોમીટરની ખાડી ખૂંદી માછલાં વીણે છે. તેમનાં નાનાં ટાબરિયાંઓ પણ આ કાળી મજૂરીમાં તેમની સાથે રહે છે. માંદાં બાળકો ઘરે પડ્યાં રહે. આ કપરી સ્થિતિમાં છોકરાંઓને ભણવાનું શું કે રમવાનું શું? જીવન ટકાવી રાખવાના સંઘર્ષમાં જ રાઠોડિયાનું આયખું પૂરું થાય છે. આમાં, તેમનાં બાળકોના શિક્ષણની વાત કેમ કરી શકાય?

આપણા પ્રાંતમાં આવા કંગાલિયતનાં પ્રતીક અનેક રાઠોડિયાંઓ હશે. એક ગામથી બીજે ગામ ભટકતાં અને છૂટક વ્યવસાય કરતાં સરાણિયા, ટોપલિયા, વણજારા, બજાણિયા અને બીજાં અનેક ગણાવી શકાય. આ લોકો ગામના પાદરે અડિંગા નાખે છે ત્યારે તેમની દિનચર્યા જોતાં એ જાણવા મળે છે કે વહેલી સવારે અને મોડી સાંજે મોટેરાંઓ સાથે નાનાં બાળકો હરે-ફરે છે, પણ બાકીનો સમય તો બાળકો સાવ રેઢાં ને રેઢાં મોટાં થતાં હોય છે.

બંધારણે અપનાવેલ સમાજવાદી સમાજરચનામાં કોઈ એક અધિક સંપત્તિનો માલિક બને, તે અનૈતિક બને છે ત્યારે મુઠ્ઠીભર સુખીસંપન્ન વર્ગ પોતાનાં બાળકો સાથે ગમતી રમતો રમે, જાત-જાતની વહાલસોયી વાર્તાઓ છેડે અને ગરીબોનાં બાળકો આ સંપત્તિથી સાવ વંચિત રહે તે કેટલું ન્યાયી કહેવાય. “એકને ગોળ અને બીજાને ખોળ પણ નહીં અને માત્ર ખારો તે કેવું’’?

યુનાઈટેડના મલ્ટી ડાયમેંશનલ ઈન્ડેક્સનો આધાર લઈએ તોપણ આજે દેશમાં ૨૩. ૪ કરોડ લોકો ગરીબીની રેખાથી પણ નીચું જીવનધોરણ ભોગવે છે અને દરેક ગરીબ કુટુંબમાં એક બાળ-મજૂર ઘર ચલાવવામાં હિસ્સેદાર બને છે.ગરીબ માબાપનાં બાળકો માટે મજૂરી એ જ ઉપાય બચે છે. તે પરિસ્થિતિમાં આજે દેશમાં ૭.૫ કરોડ બાળકો માટે બાળસુખ જેવી કોઈ પરિસ્થિતિ નથી. બાળ શ્રમિક સંગઠિત બની શકતો નથી. ગતિશીલ બની શકતો નથી. પોતાની સીમાન્ત ઉત્પાદકતા જેટલું વેતન મેળવી શકતો નથી. માહિતી અથવા તો કૌશલ ઉત્પાદનની ચાવી બની શકે છે પરંતુ રેઢાં ઉછરેલાં બાળકના ભાગે પ્રાથમિક શિક્ષણ પણ ઉપલબ્ધ ન હોય, તેઓ આજીવન વેઠિયાં રહી જાય છે. ગુજરાત રાજ્યમાં વંચિત બાળકો માટે દરિદ્રનારાયણ નામે ખાસ યોજના હોવા છતાં આજે રાજ્યમાં અભ્યાસ કરવા યોગ્ય બાળકોમાંથી ૬.૪ લાખ બાળકો પ્રાથમિક કક્ષાએ જ શાળા છોડી દે છે. જ્યારે બીજી તરફ રાજ્ય સરકાર માધ્યમિક કક્ષા સુધી પહોંચેલાં બાળકો માટે વાર્ષિક રૂ. ૬૩. ૧૮૪ કરોડ ખર્ચ કરે છે અને તેઓ માટે એન.સી.સી., એન.એસ.એસ., સ્કાઉટિંગ, પર્યાવરણ મંડળ જેવી ઈતર શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે વધારાનો ખર્ચ કરે છે.

બાળશિક્ષણના હિમાયતીઓ દઢપણે માને છે કે “બાળશિક્ષણ માનવ-જાતની પ્રગતિનું કેન્દ્રબિંદુ છે અને માનવ સમુદાયે પોતાની સંસ્કૃતિ અને પ્રગતિનું જતન કરવું હશે તો બાળકોને શિક્ષણ આપવા સિવાય બીજો કોઈ માર્ગ નથી.” બાળકોના મનોવૈજ્ઞાનિક ઉછેર માટે કાર્યરત સંસ્થાઓની દીવાલો ઉપર વાલીઓ માટે બોધ લખેલો હોય છે કે, “બાળકોને મારશો તો બાળક નફરત કરતું થશે. બાળકોને તરછોડશો તો બાળક સંકુચિત બનશે. બાળકોને પ્રેમ નહીં આપો તો બાળકો સ્વાર્થી બનશે.” પરંતુ કમનસીબે બાળશિક્ષણકારોની ફરજનિષ્ઠા પણ શાળામાં જતાં બાળકો માટે એકતરફી છે.

આમ રાજ્યની વ્યવસ્થા સાથે સંકળાયેલા વહીવટી તંત્ર માટે, તેમ બાળ-શિક્ષણકારો માટે ભણતું બાળક મનોવૈજ્ઞાનિક ઘટના બને છે. જ્યારે રખડતું-રેઢું, મજૂરી કરતું બાળક જૈવિક રાસાયણિક પ્રક્રિયા બને છે, જે ખરેખર શોચનીય છે. ગાંધીજીએ આ ભાવના વ્યક્ત કરતાં કહ્યું છે કે, “કરોડો લોકોને પૂરતું ખાવાનું ન મળતું હોય અને રોજીના અભાવે સ્વમાનશૂન્ય રહેવું પડે તે કેવડી મોટી આપત્તિ કહેવાય? જેમની આંખોમાં જરાયે તેજ નથી અને રોટલો એ જ જેમનો ઈશ્વર છે તેમની પાસે કલ્યાણની વાત શી રીતે લઈ જવી?”

આ પરિસ્થિતિનો ઉકેલ સાધનસંપન્ન નાગરિકોએ સ્વ જવાબદારીના ભાગરૂપે સ્વીકારવો રહ્યો. સમાજનાં સુખી સંપન્ન લોકોએ ઘર આસપાસ રેઢાં ઊછરતાં બાળકોની કાળજી લેતાં પોતાનાં સંતાનોનાં જૂનાં કપડાં, રમકડાં, પુસ્તકો, ચિત્રો, ગરીબ બાળકો સુધી પહોંચાડે. અવકાશે શ્રમિક બાળકોને નિવાસે ટી.વી. જોવા બેસાડે, એકાદ વાર્તા કહી જુઓ. તેમની પાસે સર્જનાત્મક મનોરંજક પ્રવૃત્તિઓ મૂકો અને જુઓ વંચિત બાળકોના જીવનમાં આનંદની લહેર અનુભવાશે.

આજનું બાળક આવતી કાલનું ભવિષ્ય છે તે વાત જેટલી આપણાં પોતાનાં બાળકો માટે લાગુ કરી શકાય તેટલી જ બીજાનાં બાળકોના સંદર્ભમાં પણ લાગુ પડતી હોય છે. એકાદ-બે માબાપોનાં સ્વસ્થ નાગરિકો વચ્ચે હજારો રેઢાં ઉછરેલાં નાગરિકોનાં ટોળાંઓથી દેશના સ્વસ્થ વિકાસનો વિચાર પાંગળો બની રહે છે.

સમાજનો એકાંગી વિકાસ હિતકારી નથી, તેમ સમાજના કોઈ એકાદ વર્ગનાં બાળકોનો સર્વાંગી વિકાસ પણ સામાજિક વિકાસ સંબંધે સાર્વત્રિક રહેતો નથી. તે વેળાએ બાળઉછેરની પ્રક્રિયાને આવશ્યક માનતાં કુટુંબો આસપાસનાં ગરીબ બાળકોના ઉછેરમાં કંઈક હિસ્સો આપે તો બાળઉછેરની પ્રક્રિયા એકાંગી બનતી અટકશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ફૂટિયા કેરીનું મનોવિજ્ઞાન!

ફુટિયાને તો ફેંકી જ દેવી પડે. મોટે ભાગે ફુટિયા કેરી કેટલાંક પૈસાદાર - કંજૂસની બહેન જેવી ગણાય. કંજૂસ માણસ (ખાસ કરીને સ્ત્રીઓ વિશેષ!) ફુટિયાને ફેંકી દેવાને બદલે થોડી થોડી કાપીને ખાઈને સંતોષ માને છે. બીજે દિવસે બીજી તૈયાર! ત્રીજે દિવસે ત્રીજી ! ઓછું ખાવાથી પણ સારું ખાવાથી તંદુરસ્તી જળવાઈ રહે છે. સડેલું બટાકું અને ફુટિયા કેરી સગા ભાઈ બહેન જેવા ગણાય?! ફુટિયા કેરી આપણી માનસિકતાનું પ્રતિક ગણાય. કોઈ પણ જાતના લોભ વિના એને ફેંકવી જ પડે. ‘‘આટલી મોંઘી કેરી! ફેંકી દેવાની ?’’ કરોડપતિ શેઠના શેઠાણી બોલ્યા. કુદરતે બક્ષેલા તંદુરસ્ત જીવનને આનંદપૂર્વક માણવાને બદલે ગમે તેવા બીન આરોગ્યપ્રદ જંકફૂડ વગેરે ખાઈને પોતાના આરોગ્યને જોખમમાં મૂકવાનો તેમજ હોસ્પીટલને હવાલે કરવાનો માનવીને કોઈ પણ જાતનો અધિકાર છે ખરો? માનવીએ પોતાના આરોગ્યની ચાવી પોતાના ખીસામાં જ રાખવી જોઈએ. ઈતિ આમ્રસ્ય ફુટિયસ્ય(?!) મનોવિજ્ઞાન સંપન્નઃ

**પાલ, ભાઠા - રમેશ એમ. મોદી**

## હિંસા થતી ક્યારે અટકશે?

આજકાલ છાપાઓમાં પ્રસિદ્ધ થતા સમાચારોમાં ખૂન થવા અંગેના સમાચારો વધુ વાંચવા મળે છે. એક માણસ બીજા માણસને ક્રૂર રીતે મારી નાંખે છે એ વાંચીને લાગણીશીલ લોકોનું હૃદય કંપની ઉઠે છે. ખૂન થવા પાછળના કારણો નજીવા હોય છે પરંતુ કેટલાક જીદ્દી અને હઠીલા લોકો પોતાનું ધાર્યુ જ કરાવવા માટે જીદે ચઢે છે અને હત્યા કરી નાંખે છે. થોડા સમય પર મુંબઈની લોકલ ટ્રેનમાં થયેલ હત્યામાં એક જીદ જ કામ કરી ગઈ છે. કોઈને મારી નાંખવું એ સમસ્યાનો હલ નથી પરંતું પડતીની શરૂઆત છે. એક છોકરી એક યુવાન સાથે હરે ફરે છે અને તેને ઉપરથી ફેંકીને તેની હત્યા કરે છે, વિદ્યાર્થીઓ સાથે ભણતા વિદ્યાર્થીને મારી નાંખે માતા પોતાનું પાપ છુપાવવા પુત્રને મારી નાંખે, પતિ પત્નીને શંકાના કારણે મારી નાંખે આવા બનાવો ન બને તે માટે સમાજના માણસોએ આગળ આવવું પડશે. સરકારે આવા બનતા બનાવો રોકનારને માટે સાહસવીર તરીકેના ઈનામો જાહેર કરવા જોઈએ. સમાજના લોકોમાં ક્રોધનું પ્રમાણ કેમ વધ્યું છે તેનો અભ્યાસ થવો જોઈએ. માણસે એ વિચારવું જોઈએ કે ખૂન કરવાનો કોઈ ફાયદો જ નથી.ફક્ત નુકસાન અને જીવનની બરબાદી જ છે. એવું નથી કે અભણ અને અજ્ઞાની જ ખૂન કરે છે ભણેલો શિક્ષિત અહંના કારણે ખૂન કરે છે. આ વાંચનારે એવો નિયમ બનાવવો કે કોઈ દિવસ ઝઘડો પણ નહીં કરીશું અને પોતાની સાથે કુટુંબની પણ ખુશીઓમાં અવરોધરૂપ થવાય એવું કૃત્ય નહીં કરીએ.

**સુરત - પ્રવિણ પરમાર**

## સુરતમાં આધુનિક ટ્રાફિક સિગ્નલ પણ....

કહેવાય છે કે આપણે ત્યાં,મુંબઈ થી પણ અત્યાધુનિક ટ્રાફિક સિગ્નલ તો છે પણ સંચાલન નું કોઈ સુપરવિઝન નથી.અને વિઝન નો તો સદંતર અભાવ. હાલમાં જ દરેક ચાર રસ્તા ઉપર સિગ્નલ થી થોડા અંતરે ટ્રાફિક ની લાલ,પીળી અને લીલી લાઈટ દર્શાવતા સરસ બોર્ડ લોખંડ ના થાંભલા ઉપર ફીટ કર્યાં છે. પરંતુ આશ્ચર્ય એ વાતનું છે કે કોઈ પણ સિગ્નલમાં પીળા રંગની લાઈટ તો ઝબુકતી નથી. પીપળોદ, સોમેશ્વર કે વાય જંકશન જેવા અન્ય વિશાળ રસ્તા પાર કરવાનું જોખમ અસંખ્ય વાહનચાલકો દરરોજ ઉઠાવે છે. પીળી લાઈટના અભાવે રાહદારીઓ તો ભગવાન ભરોસે આટાપાટા કરતાં કરતાં મહામુશ્કેલીએ રસ્તા પાર કરે છે. ઈંગ્લેન્ડમાં દરેક ચાર રસ્તા ઉપર ઝીબ્રાક્રોસિગ ની બંને તરફ ની ફૂટપાથ ઉપર એક થાંભલા ઉપર ચારેક ફૂટ ઉપર એક સ્વીચ હોય છે.રાહદારી એ રસ્તો ક્રોસ કરવો તો ત્યારે એ સ્વીચ દબાવવાની. થોડી ક્ષણો માં વાહનો માટે લાલ લાઈટ તથા રાહદારીઓ માટે લીલી લાઈટ થાય છે. સરળતાથી વાહનો પણ દોડતા રહે અને રાહદારીઓ સલામત રીતે રસ્તો ક્રોસ કરતા રહે. અકસ્માત નો કોઈ ભય જ નહીં. અમદાવાદ માં આ વ્યવસ્થા ટૂંક સમય માં થશે એવા સમાચાર છે. મુંબઈ ની માફક ટ્રાફિક ના ભારણ મુજબ સિગ્નલ લાઈટ ના સમય માં ફેરફાર કરતા રહેવું જરૂરી છે એવું સૂચન ઠીક નથી લાગતું? ટ્રાફિક બ્રિગેડ સ્ટાફમાં ઘણા તો ટોળાં માં રહી સમય પસાર કરે છે. ફરજ પ્રત્યે જરાપણ ગંભીર નહીં, સિવાય કે V.V.I.P ત્યાંથી પસાર થવાના હોય.

**સુરત - ભુપેન્દ્ર રાયજી**

## શિક્ષક વિનાની શાળા દીવા વિના ઉજાશ

વ્યકિતગત વિકાસ અને નૂતનરાષ્ટ્રના વિકાસ અને ઘડતરમાં શિક્ષણ અને શિક્ષકનું સ્થાન સવિશેષ છે.શાળારૂપી મંદિરમાં બાળકના અંધકારમય સમસ્યાનો ઉપાયસમ પ્રકાશમય દીવાનું કાર્ય એ શિક્ષકનું છે.જે બાળકના અંધકારમય જીવનને પ્રકાશમય બનાવે છે તેથી સમાજ અને રાષ્ટ્રમાં સન્માનીય વ્યક્તિ એ શિક્ષક છે.પરંતુ શાળામાં જો શિક્ષક જ ન હોય તો શિક્ષણ શક્ય નથી આધુનિક સમયમાં દરેક ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં વિવિધ અગણિત શાળામાં શિક્ષણકાર્ય કરાવવા માટે પૂરતા શિક્ષક નથી એ પછી ખાનગી શાળા હોય કે સરકારી.ત્યારે પ્રશ્ન થાય કે શું આ યોગ્ય અને હિતકારી છે? એક જ શિક્ષક શાળામાં હોય એવી તો અસંખ્ય શાળાઓ ગુજરાતમાં છે આવી સ્થિતિમાં બાળકોનો વિકાસ કેવી રીતે થઈ શકે.સર્વાંગીણ વિકાસ તો છોડો વર્ષનો અભ્યાસક્રમ પણ પૂરો ન થઈ શકે. શાળામાં સરકારી શિક્ષકની ભરતી કરવાની પ્રક્રિયા પણ ખૂબ લાંબી છે ખાનગી શાળામાં પૂરતું વેતન મળતું નથી તો આ સમય દરમિયાન શિક્ષણકાર્ય કોણ કરાવશે? ઉપરોક્ત સમસ્યાનો એક માત્ર ઉપાય છે ઝડપી ભરતી અને નિમણૂકનું કાર્ય યથાયોગ્ય થાય તો શાળામાં શિક્ષકો બાળકને પોતાના કાર્યથી દીવા સમાન અજવાળું આપી અંધકારના કિરણો દૂર કરશે અને એના માટે કાયમી ભરતી અને ખાનગી શાળામાં યોગ્ય વેતન એ જ સર્વાંગીણ વિકાસ અને સમયની આધુનિક માંગ છે.

**નવસારી- વિરલકુમાર હરિલાલ ટંડેલ**

## ગુજરાત પોલીસની મોટી સફળતા

વ્યસન ફક્ત વ્યક્તિ જ નહીં પણ સમગ્ર સમાજ અને રાષ્ટ્રને અંદરથી નષ્ટ કરે છે. જ્યારે કોઈ દેશનો યુવા ડ્રગ્સનો શિકાર બને છે, ત્યારે તેની અસર સ્વાસ્થ્યથી આગળ વધીને શિક્ષણ, પરિવાર, સામાજિક વ્યવસ્થા, કાયદો અને વ્યવસ્થા અને રાષ્ટ્રીય અર્થતંત્ર પર પણ પડે છે. આ જ કારણ છે કે ડ્રગ્સની હેરફેરને વિશ્વભરમાં સૌથી ગંભીર સંગઠિત ગુનાઓમાંનો એક માનવામાં આવે છે. સુરત રેલ્વે સ્ટેશન પર રાજધાની એક્સપ્રેસમાંથી આશરે બે કિલોગ્રામ ઉચ્ચ ગુણવત્તાવાળા કોકેનનો જથ્થો જપ્ત થવો એ દર્શાવે છે કે આંતરરાષ્ટ્રીય ડ્રગ સિન્ડિકેટ નવા માર્ગો અને નવા માધ્યમો દ્વારા ભારતમાં પોતાના મૂળ મજબૂત કરવા માટે સતત પ્રયાસ કરી રહ્યા છે. આ કોકેન મુંબઈના હાઈ-પ્રોફાઈલ ક્લબ અને રેવ પાર્ટીઓ માટે નિયત કરવામાં આવ્યું હતું, જ્યાં તેનો ઉપયોગ યુવાનોને ડ્રગ્સના વ્યસનમાં લલચાવવા માટે કરવામાં આવશે. જો આ માલ તેના ગંતવ્ય સ્થાને પહોંચ્યો હોત, તો તે કરોડો રૂપિયાના ગેરકાયદેસર વેપારમાં પરિણમ્યો હોત, પરંતુ ઘણા યુવાનોના જીવન પણ બરબાદ કરી નાખ્યા હોત. સમયસર કાર્યવાહીથી આ સમગ્ર નેટવર્કમાં એક મહત્વપૂર્ણ કડી તૂટી ગઈ. આ કામગીરીની ખાસ વાત એ હતી કે DRI અને RPF દ્વારા સંપૂર્ણ ગુપ્તતા અને સચોટ ગુપ્ત માહિતીના આધારે સફળ સંયુક્ત કામગીરી કરવામાં આવી હતી. ટ્રેન સુરત પહોંચતાની સાથે જ, ટીમે કોઈપણ ઉતાવળ વિના આરોપીને પકડી લીધો અને તેની ટ્રોલી બેગમાં છુપાયેલા કોકેનના પેકેટ જપ્ત કર્યા. આ દર્શાવે છે કે સુરક્ષા એજન્સીઓ માત્ર સતર્ક જ નથી પણ આધુનિક ટેકનોલોજી અને ગુપ્ત માહિતી દ્વારા સંગઠિત ગુના પર અસરકારક રીતે નજર પણ રાખે છે. તપાસમાં બહાર આવ્યું છે કે આ દાણચોરીની કામગીરી વિદેશી ડ્રગ સિન્ડિકેટ સાથે જોડાયેલી હતી, અને આખું નેટવર્ક નાઈજિરિયન નાગરિક દ્વારા ચલાવવામાં આવી રહ્યું હતું. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે ડ્રગ હેરફેર હવે સ્થાનિક ગુનો નથી પરંતુ આંતરરાષ્ટ્રીય ગુના સિન્ડિકેટનો ભાગ બની ગઈ છે. આવી ગેંગ યુવાનોની નબળાઈ અને ડ્રગ્સની વધતી માંગનો લાભ લઈને કરોડો રૂપિયાનો ગેરકાયદેસર વેપાર કરે છે.

**સુરત - કાંતિલાલ માંડોત**

## એક વાત વિચારવા જેવી

### ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક દિવસ ઘણી બધી રીલ્સ જોતાં જોતાં એક રીલ જોઇને દેવાંગે નક્કી કર્યું કે હું આ રીલમાં સમજાવ્યા પ્રમાણે જીવનને બદલી નાખતી આદતો અપનાવવાનું શરૂ કરીશ. દેવાંગનો નિર્ણય દૃઢ હતો. તેણે નક્કી કર્યું કે આજથી હું રોજ સવારે જે જે સામે મળે, બધાને સામેથી સ્માઈલ આપીશ અને ગુડ મોર્નિંગ કહીશ. દેવાંગે શરૂ કર્યું. સવારે દૂધવાળાને, લીફ્ટ મેનને, બાજુમાં કામ કરતી કમળાને, રસ્તામાં સામે મળેલા અંકલને, વોચમેનને સ્માઈલ આપી અને ગુડમોર્નિંગ કહ્યું ...બધા ખુશ થયાં. દૂધવાળાએ કહ્યું, ‘‘રામ રામ સાહેબ....લીફ્ટમેને કહ્યું, ‘‘વેરી ગુડ મોર્નિંગ સર.’’ કમળા તો હસીને શરમાઈને ચાલી ગઈ...અંકલ બોલ્યા ‘‘ગુડ મોર્નિંગ આજે ખુશમાં છે ...’’ વોચમેને સામે સલામ મારી. દેવાન્ગને પણ સારું લાગ્યું અને બધાને ગમ્યું...દેવાંગ આગળ ગયો.અજાણ્યા રિક્ષાવાળા સામે હસ્યો અને ગુડ મોર્નિંગ કહ્યું, રીક્ષાવાળો હસીને સામેથી બોલ્યો, ‘‘ક્યાં જવું છે સાહેબ?’’ દેવાંગને થયું, સાચે એક સ્માઈલ અને ગુડ મોર્નિંગ કહેવામાં પણ ઘણી તાકાત છે. આપનો અને સામેવાળાનો મૂડ બદલી શકે છે. દેવાંગની સવાર સુધરી ગઈ...



તેણે આ રોજ જીવનમાં વણી લેવાનું નક્કી કરી લીધું. બીજે દિવસે સવારે બધાને સ્માઈલ આપી ગુડ મોર્નિંગ કહેતો દેવાંગ નીકળ્યો ...પહેલે માળે રહેતા ભાઈ લીફ્ટમાં સાથે થઇ ગયા. દેવાંગે ગુડ મોર્નિંગ કહ્યું અને સ્માઈલ આપી પણ પેલા ભાઈ બોલ્યા, ‘‘ભાઈ, એવું તે શું છે, સારું છે આ સવારમાં માથું ન ખાવ...’’ જવાબ સાંભળી દેવાંગને આંચકો લાગ્યો.. પણ હશે તેમનો મૂડ સારો નહિ હોય તેમ વિચારી તે જે સામે મળે તેને સ્માઈલ આપી ગુડ મોર્નિંગ કહેતો આગળ વધી ગયો. દેવાંગ આ આદત અપનાવી બહુ ખુશ હતો.પરંતુ અઠવાડિયામાં ચાર વાર પેલા પહેલે માળ પર રહેતા ભાઈ લીફ્ટમાં સાથે થઈ જતાં દેવાંગ સ્માઈલ આપી ગુડ મોર્નિંગ કહેતો પણ જવાબમાં પેલા ભાઈ કંઈ એલફેલ બોલીને વાંકો જવાબ જ આપતા. આવું ઘણી બધી વાર થતાં લીફ્ટમેનથી ન રહેવાતાં તેણે પહેલો માળ આવતાં પહેલાં કહ્યું, ‘‘દેવાંગ સર, તમે શું કામ પેલા ભાઈને સ્માઈલ આપી ગુડ મોર્નિંગ કહો છો, તે હંમેશા ખરાબ વર્તન કરે છે.આજે જો તેઓ હોય તો કંઈ નહિ કહેતા.’’ દેવાંગ કંઈ ન બોલ્યો. ખાલી હસ્યો. પેલા ભાઈ આવ્યા. રોજની જેમ ગુસ્સામાં જ હતા. લીફ્ટમાં પ્રવેશતાં જ લીફ્ટમેનને ખીજાયા. દેવાંગે સ્માઈલ આપી ગુડ મોર્નિંગ કહ્યું, તેને પણ બોલ્યા, ‘‘તારી મોર્નિંગ ગુડ હશે, મારી નથી સમજ્યો...’’ દેવાંગ ચુપચાપ જે સામે મળે તેને સ્માઈલ આપતો ગુડ મોર્નિંગ કહેતો આગળ વધી ગયો. લીફ્ટમેન દોડીને પાછળ આવ્યો અને બોલ્યો, ‘‘સર, તમે શું કામ આ ભાઈને ગુડમોર્નિંગ કહ્યું?’’ દેવાંગ હસીને બોલ્યો, ‘‘ભાઈની ખરાબ બોલવાની રીત તેમની ખરાબ આદત છે પણ હું તેને માટે મારી આ સારી આદત શું કામ છોડું?’’ લીફ્ટમેનને વિચાર કરતો મૂકી હસતો હસતો દેવાંગ આગળ વધી ગયો.

# રામમંદિર દાનચોરીનો આ કેસ શું છે? કોણ છે જવાબદાર?

## ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

**કરોડો રામભક્તોની આસ્થા સાથે વિશ્વાસઘાત અને તપાસની આંચ**

અયોધ્યાના રામમંદિરમાં શ્રદ્ધાળુઓ દ્વારા અર્પણ કરવામાં આવેલા રોકડ અને કિંમતી સામાનની કથિત ઉચાપત અંગેના રામમંદિર દાનચોરીના કેસથી સમગ્ર દેશ આઘાતમાં છે.

એક એફ.આઈ.આર.માં આરોપ મૂકવામાં આવ્યો છે કે, આ મંદિરનાં કર્મચારીઓ અને રોકડ ગણતરી સ્ટાફ સંડોવાયેલા હોય તેવું એક આયોજીત ચોરીનું ઓપરેશન ચાલતું હતું. તેઓ દાનપેટીઓમાંથી વ્યવસ્થિત રીતે રોકડની ચોરી કરતા હતા અને ગણતરી તથા વર્ગીકરણના તબક્કા દરમિયાન મંદિરની કિંમતી વસ્તુઓ છુપાવી દેતા હતા.

આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે ઉત્તર પ્રદેશ સરકારે દાનના ભંડોળની કથિત ઉચાપતની તપાસ કરવા માટે ત્રણ સભ્યોની વિશેષ તપાસ ટીમ (એસઆઈટી) ની રચના કરી.

એસઆઈટીએ શોધી કાઢ્યું કે, આરોપીઓએ દાનની ગણતરી કરતી વખતે જાણી જોઈને સુરક્ષા કેમેરા (સીસીટીવી) સામે આડશ ઊભી કરી હતી જેથી કંઈ દેખાય નહીં. તપાસ દરમિયાન, પોલીસે શંકાસ્પદોનાં રહેઠાણો પરથી સીધા જ અંદાજે રૂ. 80 લાખની ઉચાપત કરાયેલી રોકડ જપ્ત કરી હતી.

ધરપકડ કરાયેલા આરોપીઓમાં રામા શંકર યાદવનો પણ સમાવેશ થાય છે, જેને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના જનરલ સેક્રેટરી અને મંદિર આંદોલનના મુખ્ય ચહેરો એવા ચંપત રાયના નજીકના સાથી માનવામાં આવે છે.

આ ખુલાસાએ સૌને ચોંકાવી દીધા છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ કૌભાંડની ગંભીરતાને ઝડપથી સમજી લીધી. તેમણે એસઆઈટીની રચના કરવાનો આદેશ આપ્યો. રસપ્રદ વાત એ છે કે, વ્હીએચપીના નેતાઓએ યોગીને મંદિરની બાબતોમાં સામેલ કર્યા ન હતા. હવે, દરેક વ્યક્તિ અપેક્ષા રાખે છે કે, યોગી આ કૌભાંડનું સત્ય સામે લાવે અને મંદિરની પવિત્રતા પુનઃસ્થાપિત કરે.

અત્યાર સુધી અત્યંત વ્યથિત વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આરએસએસ અને વીએચપીને સ્પષ્ટ કહી દીધું હોવાનું સમજાય છે કે, દાનની ચોરીના કેસમાં સંડોવાયેલાં તમામ લોકોએ પદ પરથી હટવું જ પડશે અને તપાસનો સામનો કરવો પડશે.

વડા પ્રધાન કાર્યાલય (પીએમઓ) ને એવી વિગતો મળી જેણે મોદી અને યુપીના સીએમ યોગી આદિત્યનાથ બંનેને ચોંકાવી દીધા. આ વિગતો પ્રભાવનું એક વ્યાપક નેટવર્ક દર્શાવે છે, જેમાં આરોપી સ્ટાફના કેટલાક સભ્યો પૂર્વ ટ્રસ્ટના હોદ્દેદારો ચંપત રાય અને અનિલ મિશ્રાના નજીકના સહયોગીઓ હતા, જેમણે એફઆઈઆર નોંધાયા બાદ રાજીનામાં આપી દીધાં હતાં.

નવી દિલ્હીથી લખનઉ સુધી સંદેશો આપવામાં આવ્યો છે કે, આ મામલાનાં ‘મોટાં માથાં’ને સકંજામાં લેવામાં આવે. એફઆઈઆરમાં નામ આપવામાં આવેલા આઠ સ્ટાફ સભ્યોમાંથી મોટા ભાગના ચંપત રાય અને અનિલ મિશ્રા બંનેના નજીકના સાથીઓ હતા.

અત્યાર સુધી રિકવર કરાયેલા વીડિયો ફૂટેજ દર્શાવે છે કે, આરોપીઓએ ગણતરી રૂમની અંદર ઓછામાં ઓછી 70 વખત ચલણી નોટો ખિસ્સામાં સરકાવી હતી. કેટલાક આરોપીઓએ દાનનાં નાણાંની ચોરી કર્યાની કબૂલાત કરી છે, જ્યારે અન્ય લોકોએ ચોરી કરેલી રોકડ ટ્રસ્ટને પરત કરી દીધી છે. જનરલ સેક્રેટરી ચંપત રાયે મોટા ભાગની વ્યવસ્થાપકીય ફરજો ટિન્નુ યાદવને સોંપી હતી, જે ભૂતપૂર્વ ઓટો ડ્રાઈવર અને ચા વેચનારનો પુત્ર છે. દાનનાં નાણાં ધરાવતી તમામ પેટીઓની ચાવીઓ ટિન્નુ યાદવ પાસે જ રહેતી હતી. ટિન્નુ યાદવે મંદિરમાં લોકોની ભરતી કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી અને ટિન્નુ યાદવ જ ગણતરીની ફરજ નક્કી કરવામાં પણ મુખ્ય ભૂમિકા ભજવતો હતો.

એવો આરોપ છે કે, ટિન્નુ યાદવ અયોધ્યા અને લખનઉમાં રૂ. 50 કરોડથી વધુની સંપત્તિ ધરાવે છે. તે એક આલીશાન હવેલી અને ઘણી મોંઘી સેડાન ગાડીઓ ધરાવે છે. ટિન્નુ યાદવ મંદિર પરિસરની અંદર સુરક્ષા કર્મચારીઓને ક્યાં તૈનાત કરવા તે પણ નક્કી કરતો હતો. એફઆઈઆરમાં નામ અપાયેલ મનિષ યાદવ, ટિન્નુ યાદવનો ભત્રીજો છે. ટિન્નુએ જ તેની દાન ગણતરી ટીમમાં નિમણૂક કરી હતી.

સંઘના ટોચના નેતાઓને જે બાબતથી ચોક્કસપણે નારાજગી થઈ છે તે એ છે કે ચંપત રાયે મંદિરનાં કામકાજ સંભાળવામાં ઘોર બેદરકારી દાખવી હતી. તેમણે ચોરીની તમામ ફરિયાદો તરફ આંખ આડા કાન કર્યા હતા અને ગુનેગારો સામે કોઈ પગલાં લીધાં નહીં. તેમનું કહેવું છે કે તેમની ભૂમિકાની ઝીણવટભરી તપાસ થવી જરૂરી છે.

રાજીનામું આપનાર ટ્રસ્ટના સભ્ય અનિલ મિશ્રા અયોધ્યામાં વિશાળ ઘર ધરાવતા હોવાનું કહેવાય છે અને છેલ્લાં પાંચ વર્ષમાં તેમની વ્યક્તિગત સંપત્તિમાં અગણિત વધારો થયો છે. તેઓ દાનનાં નાણાંની ગણતરીના પ્રભારી હતા.

હવે સવાલ એ થાય છે કે, દાનની ગણતરીમાં સામેલ લોકો રાતોરાત આટલા અમીર કેવી રીતે બની ગયા? 22 જાન્યુઆરી, 2024ના રોજ રામમંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થયા પછી તેમાંથી કેટલાં લોકોએ મકાનો, દુકાનો, કાર અને આઈફોન ખરીદ્યાં?

શું દાનનાં નાણાંની ચોરી અંગે હજી કોઈ શંકા બાકી છે? આ લૂંટારુઓના ‘કાકાઓ’ અને ‘ભત્રીજાઓ’ કોણ હતા? ગણતરીની પ્રક્રિયામાં સામેલ તમામ લોકોને રાતોરાત બદલી નાખવામાં આવ્યા છે. આમ છતાં, હકીકત એ છે કે, જે મોટાં માથાંઓ- જેમના પર નજર રાખવાની જવાબદારી હતી તેઓ શનિવાર સુધી ટ્રસ્ટમાં પોતાના હોદ્દા પર બનેલા રહ્યા હતા. સમાજવાદી પાર્ટીના ધારાસભ્યના આરોપથી શરૂ થયેલી આ બાબત હવે એક મોટા કૌભાંડમાં ફેરવાઈ ગઈ છે.

ઘણા શ્રદ્ધાળુઓ માને છે કે, આ હવે માત્ર બેદરકારીનો મુદ્દો નથી રહ્યો તેમ જ આ મુદ્દો માત્ર રોકડ અને કિંમતી ઘરેણાંની ચોરી પૂરતો સીમિત નથી. આ મુદ્દો કરોડો રામભક્તોની આસ્થા સાથેના વિશ્વાસઘાત સાથે જોડાયેલો છે. ભગવાન રામને અર્પણ કરાયેલાં નાણાંની ચોરી કરવી એ એવું પાપ છે જેના માટે તેઓએ ઘણા જન્મ ચક્રો સુધી સજા ભોગવવી પડી શકે છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની પુનઃરચના થવી જોઈએ અને વહીવટી અનુભવ ધરાવતા તથા આવનારા પડકારોને સમજતા હોય તેવાં લોકોને જવાબદારી સોંપવી જોઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.